ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/
વિતરણ/પોલીસી/૨૪/૧૫
જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગર
તારીખ: ૦૬/૦૫/૨૦૧૨

## // પરિપત્ર //

**વિષય: ઓફરપત્રની સમય મર્યાદા વધારવા બાબત.**

**સંદર્ભ: (૧) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોલીસી/૨૪(૩)/૧૯/૨૦૦૦ તા: ૨૯/૦૪/૨૦૦૦**

**(૨) પરિપત્ર ક્રમાંક: જીઆઈડીસી/ઓએન્ડએમ/સીઆઈઆર/વિતરણ/પોઓએલ/૧(૮)/૧૬ તા: ૨૬/૦૬/૨૦૦૨**

નિગમની સત્તાની સોંપણીના પરિપત્ર તા. ૨૯-૦૪-૨૦૦૦ થી પ્રાદેશિક મેનેજરશ્રી/વિભાગીય પ્રબંધકશ્રીને ઓફરપત્રનો સમયગાળો વધારવાની સત્તા જે શરતોએ સુપ્રત કરવામાં આવેલ હતી તે મુજબ ઓફરપત્રની સમય મર્યાદા વધારી આપવાની નીતિ વાણિજય સિવાયના કિસ્સાઓમાં અમલમાં મુકવાની નીતિ બાબતે નિગમની ૪૬૪ મી સભામાં કાર્યસૂચિ ક્રમાંક: ૧૧/વિતરણ/૪૬૪ થી રજુ કરવામાં આવી. જેના ઉપર નિગમની સભાએ પસાર કરેલ ઠરાવ ક્રમાંક: ૩૬/વિતરણ/૪૬૪/૨૦૧૨ ને પુનઃ નિગમની ૪૬૫મી સભા સમક્ષ કાર્યસૂચિ ક્રમાંક: ૧/બોર્ડ/૪૬૫ તથા તેના ઉપર સભાએ પસાર કરેલ ઠરાવ ક્રમાંક: ૪૦/બોર્ડ/૪૬૫/૨૦૧૨ ધ્વારા સુધારેલ ઠરાવને મંજુરી આપી, પુનઃ નીચે દર્શાવેલ કોઠા મુજબ અમલમાં મુકવાનું સર્વાનુમતે ઠરાવવામાં આવ્યું.

| ક્રમ | ઓફર કમ એલોટમેન્ટ પત્રની સમય મર્યાદા વધારવાની સત્તાની સોંપણી | ફાળવણીદારને કરવામાં આવેલ ઓફર કમ એલોટમેન્ટ પત્રની સમય મર્યાદા વધારવાની સત્તામાં સમાવેશ થતાં દિવસોનો સમયગાળો (ઓફર કમ એલોટમેન્ટ પત્રની તારીખથી) |
|---|---|---|
| ૧ | પ્રાદેશિક મેનેજરશ્રી | ૯૦ દિવસ |
| ૨ | વિભાગીય પ્રબંધકશ્રી | ૧૨૦ દિવસ |
| ૩ | ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રી | ૧૮૦ દિવસ |

(૧) વધુમાં વાણિજયના કિસ્સાઓમાં :૩૦: દિવસની સમય મર્યાદામાં ઓફર કમ ફાળવણીની રકમ ભરપાઈ કરવામાં ન આવે તો તેવા કિસ્સાઓમાં સમય મર્યાદા વધારવાની કોઈ પણ કાર્યવાહી કરવાની રહેશે નહી.

(૨) વધુમાં જે કિસ્સાઓમાં ઓફર રકમ ભરવા અંગેની સમય મર્યાદા વધારી આપવામાં આવેલ છે તેવા કિસ્સાઓને કાર્યોત્તર મંજૂરી આપવાનું પણ ઠરાવવામાં આવ્યું.

(૩) વધુમાં ફાળવણીદારને કરવામાં આવેલ ઓફર કમ એલોટમેન્ટ પત્રની સમય મર્યાદા વધારી આપતા સમયે તે સમયના વિતરણ દર વત્તા નિગમ ધ્વારા વખતો વખત નકકી કરવામાં આવેલ સાદુ વ્યાજ વસુલવાનું રહેશે. પરંતુ જયારે સમય મર્યાદા વધારી આપવામાં આવેલી હોય તે સમયગાળા દરમ્યાન જો વિતરણ દરમાં સુધારો થયેલ હોય તેવા કિસ્સાઓમાં:

૧: જુનો ફાળવણી દર વત્તા સાદુ વ્યાજ

અથવા

૨: સુધારેલ ફાળવણી દર બંનેમાંથી જે વધુ હોય તે વસૂલવાનું રહેશે.

(૪) વધુમાં જે કિસ્સાઓમાં વધારવામાં આવેલ મુદતમાં શરતો પરિપૂર્ણ ન થતી હોય અને તેવા કારણોસર ફાળવણીપત્ર રદ્દ કરવામાં આવેલ હોય અને તેવા કિસ્સામાં ફાળવણીદાર ધ્વારા ફાળવણી પત્ર પુનઃ જીવીત કરવા માટે રજુઆત કરવામાં આવે તો તેવા કિસ્સાઓમાં ફાળવણી પત્ર રદ્દ થયાના :૧૮૦: દિવસ સુધીની સમય–મર્યાદામાં જે તે કિસ્સામાં ગુણદોષ ચકાસી ફાળવણી પત્ર પુનઃ જીવીત કરવાની સત્તા નિગમના ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલકશ્રીને સોંપવાનું ઠરાવવામાં આવ્યું. જો આવી રજુઆત :૧૮૦: દિવસ પછી મળે તો ગુણદોષ ચકાસી મંજૂરી અર્થે નિયામક મંડળ સમક્ષ રજુ કરવાના રહેશે.

(૫) વધુમાં જયારે ફાળવણી પુનઃ જીવીત કરી સમય મર્યાદા વધારી આપવામાં આવેલી હોય તે સમય ગાળા દરમ્યાન જુનો ફાળવણી દર વત્તા ફાળવણીની તારીખથી પુનઃ જીવીત કરી વધારી આપવામાં આવેલ સમયગાળા સુધીનું વખતો વખત નકકી કરવામાં આવેલ સાદુ વ્યાજ લેવાનું રહેશે. પરંતુ આ સમયગાળા દરમ્યાન વિતરણ દરમાં સુધારો થયેલ હોય તેવા સંજોગોમાં–

૧: જુનો ફાળવણીદર વત્તા સાદુ વ્યાજ

અથવા

૨: સુધારેલ ફાળવણી દર બંનેમાંથી જે વધુ હોય તે વસુલવાનું રહેશે.

ઉપરોક્ત પરિપત્ર મળ્યા અંગેની પહોંચ તમામ ક્ષેત્રિય કચેરીના વિતરણ અધિકારીશ્રીઓએ કાર્યપાલક નિયામકશ્રીને નામજોગ પત્ર ધ્વારા પાઠવવાની રહેશે.

સહી/–

ઉપાધ્યક્ષ અને વહીવટી સંચાલક

પ્રતિ,
નિગમના તમામ અધિકારીશ્રીઓ તરફ.

**નકલ જયભારત સહ રવાના:**

- પ્રમુખશ્રી, ફેડરેશન ઓફ ઈન્ડસ્ટ્રીઝ એસોસીએશન, અમદાવાદ...તરફ જાણ સારૂ.
- પ્રમુખશ્રીઓ, તમામ માન્ય ઔદ્યોગિક વસાહત મંડળો...............તરફ જાણ સારૂ.
- મેનેજરશ્રી (એસએન્ડએ), જીઆઈડીસી, ગાંધીનગર...નિગમની વેબસાઈટ ઉપર મુકવા સારૂ.

Manager (S&A)

રવાના કર્યું

મેનેજર (મહેકમ)